# GP PATIENT SURVEY

# સર્વે વિશે

### આ સર્વે શા માટે થઈ રહ્યું છે?

GP Patient Survey, પેશન્ટને તેના GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓના અનુભવ પર અભિપ્રાય આપવા માટેની તક પૂરી પાડવા રચવામાં આવેલ છે.

સર્વે તમારી સ્થાનિક GP સર્જરી અને અન્ય સ્થાનિક NHS સેવાઓ વિશેના પ્રશ્નો પૂછશે અને તમારા સામાન્ય સ્વાસ્થ્ય વિશેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં વિવિધ વિષયો વિશેના પ્રશ્નોનો સમાવેશ થાય છે, જેમ કે GP માટે તમારી પ્રેક્ટિસનો સંપર્ક કરવો કેટલું સરળ અથવા મુશ્કેલ છે, આરોગ્ય વ્યાવસાયિકો પાસેથી તમે જે સંભાળ મેળવો છો તેની ગુણવત્તા અને જ્યારે તમારી GP પ્રેક્ટિસ બંધ થઈ જાય ત્યારે NHS સેવાઓનો અનુભવ. સર્વેમાં NHS ડેન્ટલ અને ફાર્મસી સેવાઓ વિશેના મૂલ્યાંકન કરતા પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે.

અમને મળેલા જવાબો NHS ને તમારા અને તમારા પરિવાર જેવા લોકો માટેની સ્થાનિક આરોગ્ય અને. તે મહત્વપૂર્ણ છે કે તમે તાજેતરમાં જ તમારી GP પ્રેક્ટિસની મુલાકાત લીધી ન હોય, અથવા તમે પહેલાં પ્રશ્નાવલિ ભરી દીધી હોય તો પણ અમે તમારા અનુભવો વિશે સાંભળીએ.

### આ ખરેખર કોના તરફથી છે?

Ipsos જે એક સ્વતંત્ર સર્વે એજન્સી છે, તે NHS England વતી આ સર્વે ચલાવી રહી છે.

### શા માટે મને પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી?

તમને ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે કારણ કે ઇંગ્લેન્ડના GP સાથે નોંધાયેલા તમામ પુખ્ત દર્દીઓમાંથી તમને યાદૃચ્છીક પસંદ કરવામાં આવ્યા હતા. આ વર્ષે GP Patient Survey મેળવવા માટે ઇંગ્લેન્ડમાં GP સાથે નોંધાયેલા 16 વર્ષથી વધુ વયના 2.5 મિલિયનથી વધુ દર્દીઓની પસંદગી કરવામાં આવી છે.

**મને એક ટેક્સ્ટ મેસેજ શા માટે મોકલવામાં આવ્યો હતો? શું તે કાયદેસર છે?**

સર્વેમાં ભાગ લેવા માટે જ્યાં મોબાઈલ નંબર ઉપલબ્ધ હોય ત્યાં, અમે ટેક્સ્ટ મેસેજીસને રિમાઇન્ડર તરીકે મોકલીએ છે. તમારા ફોન પ્રદાતા અને ઉપકરણને આધારે 'GP_Survey' અથવા 'NHS GP Patient Survey' માંથી ટેક્સ્ટ સંદેશા મોકલવામાં આવે છે. દરેક ટેક્સ્ટ મેસેજમાં એક વિશિષ્ટ લિંક હોય છે, જેમાં તમારી લોગ ઈન વિગતો શામેલ હોય છે. જે તમને તમારો વ્યક્તિગત એક્સેસ કોડને દાખલ કર્યા વિના ઓનલાઈન ભાગ  લેવા દેશે. આ ટેક્સ્ટ મેસેજનું એક ઉદાહરણ છે:




તમે સર્વેમાં ભાગ લેવા માટે તમને આમંત્રણ આપતા ઇ-લેટરની અનન્ય લિંક સાથેનો ટેક્સ્ટ મેસેજ પણ પ્રાપ્ત કરી શકો છો. જે તમને તમારો વ્યક્તિગત એક્સેસ કોડને દાખલ કર્યા વિના ઓનલાઈન ભાગ  લેવા દેશે.

**શા માટે આ સર્વે ફરીથી થઈ રહ્યું છે?**

GP Patient Survey તેના GP પ્રેક્ટિસ દ્વારા આપવામાં આવતી કાળજી અને સેવા માટે પેશન્ટના પ્રતિભાવો તેના અનુભવો અને પસંદગીઓ માટે ઉપાય ઉપલબ્ધ કરાવી રહી છે.

અમે દર વર્ષે GP Patient Survey ચલાવીએ છીએ જેથી સમયાંતરે ફેરફારને ટ્રેક કરવામાં આવે અને સેવાઓની ગુણવત્તા પર નજર રાખી શકાય. આ સર્વે NHSને GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓ સુધારવામાં મદદ કરશે, જેથી તેઓ તમારી જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરી શકે.

### જો હું ભાગ લેવા માંગતો ન હોઉં તો મારે કોનો સંપર્ક કરવો જોઈએ?

સહભાગિતા સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે. અમને આશા છે કે તમે ભાગ લેશો કારણ કે તે અમને લોકોની GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓના અનુભવોનું શ્રેષ્ઠ સંભવિત ચિત્ર આપે છે. જો તમે આ સર્વે વિશે કોઈ રિમાઇન્ડર મેળવવા માંગતા ન હોવ, તો કૃપા કરીને Ipsos સર્વે હેલ્પલાઇનનો ફ્રી ફોન 0800 819 9135 (સોમવારથી શુક્રવાર સવારે 8 થી સાંજના 9 સુધી; શનિવારે સવારે 10 થી સાંજના 5 સુધી) પર સંપર્ક કરો. તમે Ipsos ને GPpatientSurvey@ipsos.com પર પણ ઈમેલ કરી શકો છો.

કૃપા કરીને તમારો એક્સેસ કોડ પ્રદાન કરવા માટે તૈયાર રહો, જે તમને પત્રની મધ્યમાં મળી શકે છે.

### મને મારી GP પ્રેક્ટિસ વિશે ફરિયાદ છે જેનો સર્વેમાં સમાવેશ થતો નથી. હું મારી ફરિયાદ કેવી રીતે કરી શકું?

Ipsos તમારા ડૉક્ટર, નર્સ અથવા GP પ્રેક્ટિસ વિશે તમને અન્ય કોઈ પ્રશ્નો અથવા ફરિયાદો કરવામાં તમારી મદદ કરી શકશે નહીં. Ipsos ફક્ત NHS England વતી GP Patient Survey ચલાવી રહ્યું છે.

જો તમે તમારી GP પ્રેક્ટિસ વિશે કોઈ પણ ટિપ્પણી કરવા માંગતા હોવ, તો તમે અન્ય રીતે લેખિત પ્રતિક્રિયા આપી શકો છો. ઉદાહરણ તરીકે, તમારી GP પ્રેક્ટિસે ફ્રેન્ડ્સ એન્ડ ફેમિલી ટેસ્ટ (FFT) પ્રદાન કરવા જોઈએ જે તમને તમારા અનુભવ વિશે ટિપ્પણીઓ કરવા દે છે. તમે NHS વેબસાઇટ અને Care Opinion સહિતની વેબસાઇટ પર ટિપ્પણીઓ પોસ્ટ કરીને તમે પ્રાપ્ત કરેલી સેવાઓ પર પ્રતિક્રિયા પણ પ્રદાન કરી શકો છો. પ્રતિક્રિયા કેવી રીતે આપવો તે અંગેની વધુ માહિતી NHS Englandની વેબસાઇટ પર મેળવી શકાય છે: https://www.england.nhs.uk/participation/get-involved/how/feedback/

જો તમે તમારી GP પ્રેક્ટિસ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા અથવા સંભાળ અંગે ફરિયાદ કરવા માંગતા હો, તો તમે પસંદ કરી શકો છો કે પ્રેક્ટિસમાં અથવા કમિશનરને સીધી ફરિયાદ કરવી કે નહીં, જે સંસ્થા છે જે તમને પ્રાપ્ત થતી સેવા અથવા સંભાળ માટે ચૂકવણી કરે છે. GP સેવાઓ માટે કમિશનર તમારું સ્થાનિક ઇન્ટિગ્રેટેડ કેર બોર્ડ (ICB) છે. ઘણી વાર પ્રેક્ટિસ તમારા માટે સ્થાનિક રીતે આ બાબતને હલ કરવામાં સમર્થ હશે. જો તમે તમારા સ્થાનિક ICBને ફરિયાદ કરવાનું પસંદ કરો છો, તો તમે આ વેબસાઇટ પર તેમનો સંપર્ક કેવી રીતે કરવો તે શીખી શકો છો: NHS England » Contact your local integrated care board (ICB)

ફરિયાદ કેવી રીતે કરવી તે અંગેની વધુ માહિતી નીચેની વેબસાઇટ પર જોઈ શકાશેઃ

[NHS England » Feedback and complaints about NHS services](NHS England » Feedback and complaints about NHS services)

**શું હું સર્વેના પરિણામો જોઈ શકું?**

હા, સર્વેના પરિણામો પ્રકાશિત થાય છે અને www.gp-patient.co.uk પર જોઈ શકાશે.

# સર્વે પૂરો કરવા:

## શું મારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે?

આ કોઈ પણ પ્રશ્નોના જવાબ આપવા "તમારા વિશે" વિભાગના કોઈપણ વસ્તી વિષયક પ્રશ્નો સહિત્ સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, માટે તમારે જવાબ આપવા જ પડશે એવું નથી. પણ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો, કારણ કે આનાથી અમને લોકોના અનુભવોનું શ્રેષ્ઠ સંભવ ચિત્ર મળશે.

ઑનલાઇન સર્વે તમારા માટે પ્રસ્તુત ન હોય તેવા તમારા અગાઉના જવાબોના આધારે કેટલાક પ્રશ્નોને આપમેળે પડતા મૂકશે. જો તમે કાગળ પ્રશ્નાવલિઓનો ઉપયોગ કરીને ભાગ લો છો, તો કૃપા કરીને સૂચનાઓને કાળજીપૂર્વક અનુસરો.

### હું ચોકઠામાં ખરાની નિશાની કરું કે ચોકડી કરું?

તમે તમારા પોતાના અભિપ્રાય કે અનુભવની સૌથી વધુ નજીક આવતા હોય તે જવાબ માટે એક ચોકઠામાં ખરાની નિશાની કે ચોકડી, ગમે તે કરી શકો છો.

### સર્વેમાં ભાગ લેવા માટે જો મને મદદની જરૂર હોય તો શું કરવું?

Ipsos જેમને પ્રશ્નાવલિ પૂરી કરવામાં તકલીફ હોય તેવા દર્દીઓ માટે ટેલિફોન નંબર પૂરો પાડી રહ્યાં છે. કૃપા કરી અઠવાડિયા દરમિયાન સવાતે 8 થી રાત્રે 9 સુધી અથવા શનિવારે સવારે 10 થી સાંજે 5 સુધીમાં 0800819 9140 પર ફોન કરો.

જે દર્દીઓ કાગળ પર પ્રશ્નાવલિ પૂરી કરવા ન માંગતા હોય, તેઓ www.gp-patient.co.uk/survey ની મુલાકાત લઇને પ્રશ્નાવલિ ઑનલાઇન પૂરી કરી શકે. કૃપા કરી નોંધ લેશો કે દર્દી દીઠ એક જ પ્રતિભાવ સ્વીકાર્ય છે.

**પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન શું છે?**

પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું ભ્શ્ળ ચિહ્ન, British Sign Language (મૂક-બધિરો માટેની ભાષા)નો લોગો છે.

British Sign Language (BSL બ્રિટનમાં વપરાતી સર્વ સામાન્ય ઇશારાઓની ભાષા છે. ભાષા તરીકે BSL નું તેનું પોતાનું વ્યાકરણ અને રચનાશાસ્ત્ર છે અને તે બોલચાલની અંગ્રેજી પર આધારિત નથી કે તેની સાથે નજીકથી સંબંધિત નથી.

જાન્યુઆરી 2009થી GP પેશન્ટ સર્વે વિશે વધુ માહિતી અને સર્વેનું એક ઓનલાઇન સ્વરૂપ British Sign Languageમાં સર્વે વેબસાઇટ https://www.gp-patient.co.uk/bsl દ્વારા ઉપલબ્ધ થશે.

ઓનલાઇન લિંક દ્વારા સર્વેને પૂરું કરવા માટેની સૂચનાઓ પણ બ્રિટિશ સાઇન લેંગ્વેજમાં ઉપલબ્ધ થશે અને W3C એક્સેસિબિલિટી ધોરણો સાથે સંપૂર્ણપણે સુસંગત રહેશે.

**મેં એક ભૂલ કરી છે! હું શું કરું?**

તમે કોઇ ભૂલ કરી હોય તો પણ અમે ઇચ્છીશું કે તમે અમને તમારી પૂર્ણ કરેલી પ્રશ્નાવલિ મોકલો. કૃપા કરી ખોટા જવાબ વાળું ખાનું પૂરેપૂરું ભરી દો અને પછી કાળજીપૂર્વક સાચા જવાબ ખાના ખરાની નિશાની કરો.

**મારાથી મારી પ્રશ્નાવલિ ખોવાઇ ગઇ છે; તમે મને તેની બીજી નકલ મોકલી શકશો?**

અમે ફેબ્રુઆરીમાં તે લોકોને કાગળની પ્રશ્નાવલિઓ મોકલી રહ્યા છીએ જેમને ભાગ લેવા આમંત્રણ અપાયું છે પરંતુ હજી સુધી આવું કર્યું નથી. જો આ સમય પછી તમારી પ્રશ્નાવલિ ખોવાઈ જાય, તો તમે ઑનલાઇન ભાગ લઈ શકો છો; કૃપા કરીને તમારા ઍક્સેસ કોડ માટે GPPatientSurvey@ipsos.com પર અમને ઇમેઇલ કરો અને અમે તેને તમને ફરીથી ઇમેઇલ કરીશું. આમાં થોડા દિવસો લાગી શકે છે કારણ કે બધા એક્સેસ કોડ્સ સુરક્ષિત રીતે રાખવામાં આવે છે. કેટલાક ટેક્સ્ટ મેસેજમાં આમંત્રણ ઇ-લેટરની લિંકનો સમાવેશ થાય છે જે તમે ઓનલાઇન જોઈ શકશો, જેમાં મેસેજમાં કેવી રીતે ભાગ લેવો તે સમજાવવામાં આવશે.

તમે સર્વેમાં ભાગ લેવા માટે તમને આમંત્રિત કરતા ટેક્સ્ટ મેસેજ પણ પ્રાપ્ત કરી શકો છો. મોટાભાગના ટેક્સ્ટ મેસેજમાં એક અનન્ય લિંક હશે જે તમને તમારા એક્સેસ કોડને દાખલ કર્યા વિના ઓનલાઇન ભાગ લેવાની મંજૂરી આપે છે.

જો તમને ભાગ લેવા માટે વધુ મદદની જરૂર હોય, તો કૃપા કરીને 0800 819 9135 પર સોમવારથી શુક્રવાર સવારે 8 થી 9 વાગ્યા સુધી અથવા શનિવારે સવારે 10 થી સાંજે 5 વાગ્યાની વચ્ચે કૉલ કરો.

**શું હું પ્રશ્નાવલિ મારા સાથી/મિત્ર/અન્ય કોઇ વ્યક્તિને ભરવા માટે આપી શકું?**

ના, પત્રમાં જેનું નામ આપવામાં આવેલું છે તેના અનુભવો વિશે પ્રશ્નાવલિ પૂછે છે, માટે તમે પ્રશ્નાવલિ ભરવામાં મદદ લઈ શકો, પણ તમારે તેને તમારા પોતાના અનુભવો વિશે જ પૂરી કરવાની છે.

**શું હું કોઈ અન્ય વ્યક્તિ વતી GP પ્રેક્ટિસનો સંપર્ક કરવાના મારા અનુભવ વિશે જવાબ આપી શકું છું?**

હા, પરંતુ પ્રશ્નના એક જ ભાગમાં. પ્રશ્નાવલિના મોટાભાગના પ્રશ્નોપત્ર પર નામ ધરાવતા વ્યક્તિના અનુભવ વિશે પૂછે છે. 'તમારો છેલ્લો સંપર્ક' (પ્રશ્નો 8 થી 16) શીર્ષકવાળા વિભાગમાં, જ્યારે તમે તમારા માટે અથવા અન્ય વ્યક્તિ માટે પ્રેક્ટિસનો સંપર્ક કર્યો હોય તેવા પ્રસંગો વિશેના પ્રશ્નોના જવાબ આપવાનું શક્ય છે.

તદુપરાંત, 'જ્યારે તમારી GP પ્રેક્ટિસ અટકી જાય' (પ્રશ્નો 33 થી 36) શીર્ષકવાળા વિભાગમાં, જ્યારે તમે NHSસ સેવાનો સંપર્ક કર્યો હોય અથવા તેનો ઉપયોગ કર્યો હોય તેવા પ્રસંગો વિશેના પ્રશ્નોના જવાબ આપવાનું પણ શક્ય છે (તમારા માટે અથવા અન્ય કોઈ માટે) કારણ કે તમારી GP પ્રેક્ટિસ બંધ થઈ ગઈ હતી.

જો કે, બાકીના પ્રશ્નોના જવાબ તમારા અનુભવના આધારે આપવા જોઈએ.

**શું હું કોઇને પ્રશ્નાવલિ ભરવામાં મદદ કરી શકું?**

હા, તેનો વાંધો નથી. જો કોઇ મિત્ર કે સગાને પ્રશ્નાવલિ ભરવામાં તમારી મદદની જરુર હોય તો તમે તે આપી શકો. પણ જવાબો માત્ર તેમના અનુભવો વિશે જ હોવા જોઈએ.

**શું હું અન્ય કોઈ વ્યક્તિ વતી સર્વે ભરી શકું છું?**

જો કોઈને સર્વે પૂર્ણ કરવામાં તમારી મદદની જરૂર હોય તો તમે મદદની ઓફર કરી શકો છો. પરંતુ જવાબો તેમના અનુભવ વિશે હોવા જોઈએ.

જો તમારા સંબંધી અથવા મિત્રમાં ભાગ લેવાની ક્ષમતા ન હોય, તો જો તેઓએ તમને તેમ કરવાની પરવાનગી આપી હોય, તો તમે તેમના વતી સર્વે પૂર્ણ કરી શકો છો. કૃપા

કરીને તેમના અનુભવ વિશેના તમામ પ્રશ્નોના જવાબ માત્ર તેમના જ આપો, જેમાં સર્વેના અંતે જનસાંખ્યિક પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે.

Ipsos એવા દર્દીઓ માટે મફતફોન સર્વે હેલ્પલાઇન પણ પ્રદાન કરે છે જેમને પ્રશ્નાવલિ ભરવામાં સમસ્યા હોય છે. કૃપા કરીને 0800 819 9140 સોમવારથી શુક્રવાર સવારે 8 થી 9 દરમિયાન અથવા શનિવારે સવારે 10 થી સાંજના 5 વાગ્યા સુધી કોલ કરો.

### શું મારે પત્ર પાછો મોકલવો પડશે?

ના, તમારે તમને પૂરા પાડવામાં આવેલ ટપાલ ખર્ચ ચૂકવેલ પરબીડિયામાં માત્ર તમારી પૂરી કરેલી પ્રશ્નાવલિ જ મોકલવાની રહેશે.

### મેં ગયા અઠવાડિયે / ગયા મહિને / થોડા સમય પહેલા જ મારી પ્રેક્ટિસ બદલી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?

જો તમે ઓક્ટોબર 2024 થી તમારી GP પ્રેક્ટિસમાં ફેરફાર કર્યો છે, તો કૃપા કરીને તમે અગાઉ નોંધણી કરાવી હોય તે પ્રેક્ટિસ વિશેના પ્રશ્નોના જવાબ આપો, તમારી GP પ્રેક્ટિસ વિશે પૂછાતા પ્રશ્નોના જવાબ આપો. જો કે, તમારી અગાઉની એપોઇન્ટમેન્ટ વિશેના પ્રશ્નો માટે, કૃપા કરીને તે સ્થળ વિશે વિચારો જ્યાં તમને સામાન્ય પ્રેક્ટિસ માટે એપોઇન્ટમેન્ટ મળી હોઈ શકે છે. આ કોઇ પણ સામાન્ય પ્રેક્ટિસ સ્થળ, જેમ કે GP પ્રેક્ટિસ અથવા GP હબ અથવા આરોગ્ય કેન્દ્ર જેવા અન્ય પરિસર હોઇ શકે છે.

### ગયા વર્ષે મને મારી GP પ્રેક્ટિસમાં એપોઇન્ટમેન્ટ મળી ન હતી, પરંતુ મને એક પત્ર મોકલવામાં આવ્યો છે. શું મારે તેમાં ભાગ લેવો જોઈએ?

હા, જો તમે GP પ્રેક્ટિસમાં નોંધણી કરાવી હોય. તમે તાજેતરમાં જ કોઈ GP, નર્સ અથવા અન્ય આરોગ્યસંભાળ વ્યાવસાયિક સાથે એપોઇન્ટમેન્ટ લીધી ન હોય તો પણ તમારા જવાબો અમારા માટે મૂલ્યવાન છે. આ સર્વેમાં એવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે પૂછવામાં આવે છે કે તમે છેલ્લે ક્યારે તમારી GP પ્રેક્ટિસનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો અને સામાન્ય પ્રેક્ટિસ માટે તમારી એપોઇન્ટમેન્ટ છેલ્લી વખત ક્યારે હતી. તમારો અનુભવ તાજેતરનો છે કે નહીં તે સમજવામાં આ અમને મદદ કરશે.

**હું સામાન્ય રીતે મારી પ્રેક્ટિસમાં GP (ડોક્ટર)ને બદલે નર્સ અથવા આરોગ્યસંભાળ વ્યાવસાયિકને મળું છું. શું હું હજી પણ સર્વેમાં ભાગ લઈ શકું છું?**

હા, તમે હજી પણ ભાગ લઈ શકો છો. આ પ્રશ્નો પ્રેક્ટિસમાં કામ કરતા તમામ આરોગ્યસંભાળ વ્યાવસાયિકો, જેમ કે નર્સો, ફાર્માસિસ્ટ અથવા માનસિક આરોગ્ય વ્યાવસાયિકો તેમજ GP સાથેના તમારા અનુભવોને આવરી લે છે. આ મુલાકાતો વિશેનો તમારી પ્રતિક્રિયા એકંદર પ્રેક્ટિસ સેવાઓને સુધારવા માટે પણ એટલી જ મૂલ્યવાન છે.

**મારે તેને કયારે મોકલવું જરુરી બને છે?**

કૃપા કરી તમારી ભરેલી પ્રશ્નાવલિ જેમ બને એમ જલદી પાછી આપો અને કૃપા કરી નોંધ લો કે એ આ તારીખ પહેલા કોઈ પણ હાલતમાં અમારી પાસે પહોંચેઃ 31 માર્ચ 2025.

**મને મારા પત્ર સાથે કોઇ પરબીડિયું /પ્રશ્નાવલિ મળ્યા નથી?**

જેમને ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે પરંતુ હજી સુધી આવું કર્યું નથી તેમને અમે ફેબ્રુઆરીમાં એક કાગળની પ્રશ્નાવલિ મોકલીશું. જો તમે પેપર પ્રશ્નાવલીનો ઉપયોગ કરીને ભાગ લેવા માંગતા હો, તો ફ્રીફોન 0800 819 9135 પર Ipsos હેલ્પલાઇન ટીમનો સંપર્ક કરો અથવા GPpatientSurvey@ipsos.com પર ઇમેઇલ કરો. કૃપા કરીને ખાતરી કરો કે તમારી પાસે તમારો 12-અક્ષરનો એક્સેસ કોડ છે.

જો તમારી પાસે પ્રશ્નાવલિ હોય (પરંતુ કોઈ પરબિડીયા ન હોય) તો કૃપા કરીને પ્રશ્નાવલિને ફક્ત " FREEPOST GP PATIENT SURVEY" તરીકે ચિહ્નિત કવરમાં મૂકો. ટપાલ ટિકિટની જરૂર નથી.

તમે www.gp-patient.co.uk/survey (જ્યારે સર્વે ખુલ્લો હોય ત્યારે) ખાતે પણ ઓનલાઇન સર્વે પૂર્ણ કરી શકો છો. જો તમે તમારો ઍક્સેસ કોડ ગુમાવી દીધો હોય, તો કૃપા કરીને તમારી વિનંતી સાથે GPPatientSurvey@ipsos.com ઇમેઇલ કરો અને અમે તેને તમને ફરીથી ઇમેઇલ કરીશું. આમાં થોડા દિવસો લાગી શકે છે કારણ કે તમામ એક્સેસ કોડ સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

# પ્રશ્નાવલિ ઓનલાઈન પૂરી કરવી

### શું હું સર્વેને ઓનલાઇન પૂરું કરી શકું?

હા, તમે www.gp-patient.co.uk/survey પરની લિંક મારફતે ઑનલાઇન ભાગ લઈ શકો છો. તમારે તમારો એક્સેસ કોડ દાખલ કરવો પડશે. એક્સેસ કોડ તમારા પત્રની વચ્ચે પ્રિન્ટ કરવામાં આવે છે. આમ છતાં, નોંધ લેવા વિનંતી કે દર્દી દીઠ માત્ર એક જ જવાબ સ્વીકારી શકાશે.

### સર્વે ઑનલાઇન પૂરું કરવા માટે જરુરી મારી લોગ ઇનની વિગતો/ સંદર્ભ ખોવાઇ ગયો છે. શું મને તે ફરી મળી શકે?

"જો તમારાથી તમારી લોગ ઈન વિગતો ખોવાઈ ગઈ હોય, તો કૃપા કરીને તમારી વિનંતી સાથે GPPatientSurvey@ipsos.com ને ઇમેઇલ કરો અને અમે તમને આ અંગે પરત ઇમેઇલ કરીશું. આમાં કેટલાક દિવસોનો સમય લાગી શકે છે કારણ કે બધા સર્વે નંબર અને પાસવર્ડ સુરક્ષિત રીતે રાખવામાં આવે છે.

વૈકલ્પિક રીતે, તમે આગલા રીમાઇન્ડર પત્ર અથવા ટેક્સ્ટ મેસેજ પ્રાપ્ત ન કરો ત્યાં સુધી તમે રાહ જોઈ શકો છો, જે સર્વે ભરેલ ન હોય તેવી દરેક વ્યક્તિને મોકલવામાં આવશે. તમારો એક્સેસ કોડ પત્ર પર છાપવામાં આવશે.

### ઓનલાઇન ભાગ લેવા માટે મને એક્સેસ કોડ ક્યાંથી મળી શકે છે?

તમારો એક્સેસ કોડ 12 અક્ષરોનો છે અને તમારા પત્ર અથવા પ્રશ્નાવલિ પર આના જેવો દેખાય છે: **XXXX-XXXX-XXXX.** ઉદાહરણ તરીકે, **9N67-MYQK-FPSB.** જ્યારે તમે ઓનલાઈન સર્વેમાં તમારો એક્સેસ કોડ દાખલ કરો છો, ત્યારે કૃપા કરીને દરેક બોક્સમાં 4 અક્ષરો લખો.

આ ઉપરાંત, જ્યાં મોબાઇલ નંબર ઉપલબ્ધ હોય છે, ત્યાં દર્દીઓને સર્વેમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવા માટે ટેક્સ્ટ મેસેજ મોકલવામાં આવે છે. ટેક્સ્ટ મેસેજમાં એક અનન્ય લિંક હશે જે તમને તમારા એક્સેસ કોડને દાખલ કર્યા વિના ઓનલાઇન ભાગ લેવાની મંજૂરી આપશે. કેટલાક ટેક્સ્ટ સંદેશાઓમાં આમંત્રણ ઇ-લેટરની લિંકનો સમાવેશ થાય છે જે સર્વેમાં કેવી રીતે ભાગ લેવો તે સમજાવે છે.







તમે સર્વેમાં ભાગ લેવા માટે આમંત્રણ આપતો અથવા તમને યાદ કરાવતો ઇમેઇલ પણ પ્રાપ્ત કરી શકો છો. તેમની પાસે ઓનલાઇન સર્વેની એક અનન્ય લિંક પણ હશે.

### જો હું વધુ સંશોધન માટે ફરીથી સંપર્ક કરવા માટે સંમત થઉં તો શું થશે?

સૌ પ્રથમ, ભવિષ્યના કોઈપણ સંશોધનમાં ભાગ લેવો એ સ્વૈચ્છિક છે. તમે અગાઉથી ભાગ લેવા માંગો છો કે નહીં તે નક્કી કરવામાં તમારી સહાય માટે તમને હંમેશાં પૂરતી માહિતી આપવામાં આવશે.

જો તમે ફરીથી સંપર્ક કરવાની પરવાનગી આપી હોય, તો અમે આગામી બે વર્ષ સુધી તમારી સંપર્ક વિગતો સુરક્ષિત રીતે રાખીશું. NHS England તમામ આયોજિત ફોલો-અપ સંશોધનને મંજૂરી આપશે. NHSE Ipsos ને તમારા વતી કોઈપણ નવા સંશોધન વિશે તમને જણાવવા માટે તમારો સંપર્ક કરવા કહેશે અને જો તમે મંજૂરી આપો તો જ માન્ય સંસ્થા સાથે તમારી વિગતો શેર કરશે.

જો તમે સંભાળ રાખનાર વ્યક્તિ છો અને તમારા અનુભવ વિશે તમારો સંપર્ક કરવા માટે Office for National Statistics (ONS) ની પરવાનગી આપી છે, તો તમારી વિગતો તેમની સાથે શેર કરવામાં આવશે.

જો તમે ભવિષ્યના સંશોધન વિશે સંપર્ક સાધવા સંમત થાઓ છો, તો એપ્રિલ 2027 સુધીમાં તમારો ડેટા સુરક્ષિત રીતે અમારી સિસ્ટમમાંથી ડિલીટ કરવામાં આવશે. આ સમય પહેલાં કોઈપણ સમયે તમારો વિચાર બદલવાનો તમને અધિકાર છે.

જો તમે 'ના' કહ્યું હોય, તો આ સર્વેક્ષણના કોઈપણ ફોલો-અપ સંશોધન વિશે તમારો સંપર્ક કરવામાં આવશે નહીં. અમારી ગોપનીયતા નીતિને અનુરૂપ અમે તમારી સંપર્ક વિગતો અને NHS નંબરને ડિલીટ કરીશું.

જો તમને ભાગ લેવા માટે યાદૃચ્છિક રીતેપસંદ કરવામાં આવે તો પણ તમને ભવિષ્યના GP દર્દીના સર્વે અથવા અન્ય સર્વે વિશે સંપર્ક કરવામાં આવી શકે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો: www.gp-patient.co.uk/confidentiality.

# ભાગ લેવો

### મને પ્રશ્નાવલિ કેમ નથી મળી? હું તે કેવી રીતે મેળવી શકું?

આ સર્વે એવા લોકોની યાર્દચ્છિક પસંદગી માટે મોકલવામાં આવ્યો છે કે જેઓ ઇંગ્લેન્ડના GP સાથે નોંધાયેલા છે. સર્વે માન્ય છે કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે, Ipsos એવા લોકોને આમંત્રિત ન કરી શકે જેમને અગાઉથી જ રેન્ડમલી પસંદ કરવામાં આવ્યા ન હોય.

જો કે, NHS England તેમને મળતી સેવાઓ અંગે દર્દીઓના અભિપ્રાયો સાંભળવા માટે પ્રતિબદ્ધ છે, અને અન્ય માર્ગો પણ છે જે તમે પ્રતિસાદ આપી શકો છો. દાખલા તરીકે, તમારી GP પ્રેક્ટિસમાં ફ્રેન્ડ્સ એન્ડ ફેમિલી ટેસ્ટ (FFT) ઓફર કરવી જોઈએ, જે તમને તમારા અનુભવ વિશે ટિપ્પણીઓ છોડવા દે છે. તમે NHS વેબસાઇટ અને Care Opinion સહિતની વેબસાઇટ્સ પર ટિપ્પણીઓ પોસ્ટ કરીને તમે પ્રાપ્ત કરેલી સેવાઓ પર પ્રતિસાદ પણ આપી શકો છો.

વૈકલ્પિક રીતે, તમે કમિશનરને પ્રતિસાદ આપી શકો છો, જે એવી સંસ્થા છે જે તમે પ્રાપ્ત કરો છો તે સેવા અથવા સંભાળ માટે ચૂકવણી કરે છે. GP સેવાઓ માટે તમારે તમારા સ્થાનિક ઇન્ટિગ્રેટેડ કેર બોર્ડ (ICB)નો સંપર્ક કરવો જોઇએ.

### અત્યારે મારી કોઇ GP સાથે નોંધણી થયેલી નથી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?

આ સર્વે એવા લોકોને મોકલવામાં આવી રહ્યો છે જેઓ કોઈ પણ GP આરોગ્ય વિભાગમાં છેલ્લા છ મહિનાથી નોંધાયેલા છે. તેથી, જો તમે આ સમયગાળા દરમિયાન નોંધાયેલા હો, પછી ભલે હમણા ન નોંધાયેલા હો, તો પણ તમે પ્રશ્નાવલિ ભરી શકો છો. કૃપા કરીએ સમયગાળા દરમિયાન (અથવા એ સમયગાળા દરમિયાન) તમે જે GP આરોગ્ય વિભાગ સાથે નોંધાયેલા હો તે આરોગ્ય વિભાગ વિશેના પ્રશ્નનોના જવાબો આપો. જો કે, આરોગ્ય વિભાગ વિશેના પ્રશ્નો માટે કૃપા કરી કોઈ  પણ આરોગ્ય વિભાગ વિશે વિચારી શકો જ્યાં તમે અપોઇન્ટમેન્ટ લીધી હોય. આ કોઈ પણ આરોગ્ય વિભાગ હોઈ શકે જેમ કે GP આરોગ્ય વિભાગ કે હબ્સ.

**મેં હાલમાં મારા GPનો સંપર્ક કર્યો નથી, શું મારે તેમ છતાં પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?**

હા, તમે હજી પણ પ્રશ્ના વલિ પૂર્ણ કરી શકો છો. જો તમને પ્રશ્ન લાગુ પડતો ન હોય તો કૃપા કરી ‘લાગુ નથી’ (જ્યાં સામેલ હોય) પસંદ કરો અથવા ખાલી રાખો. ઑનલાઇન સર્વે તમારા માટે પ્રસ્તુત ન હોય તેવા કેટલાક પ્રશ્નોને આપમેળે છોડી દેશે. જો તમે કાગળ પ્રશ્નાવલિઓનો ઉપયોગ કરીને ભાગ લેશો, તો અમે સંબંધિત ન હોય તેવા પ્રશ્નોના જવાબ આપવાનું ટાળવામાં તમને મદદ કરવા માટે રાઉટિંગ સૂચનાઓનો સમાવેશ કર્યો છે.

**જો મારે ભાગ ના લેવો હોય તો કોને સંપર્ક કરવો જોઇએ?**

ભાગ લેવો સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે. અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો કારણ કે આ અમને લોકોના GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓના અનુભવો વિશે શ્રેષ્ઠ સંભવ માહિતી આપશે.

જો તમે આ સર્વે વિશે કોઈ રીમાઇન્ડર્સ પ્રાપ્ત કરવા માંગતા ન હોય, તો કૃપા કરીને, તમે Ipsos ની સર્વે હેલ્પલાઈન પર એક ફ્રીફોન 08008199140 (સોમવારથી શુક્રવાર સવારે ૮ વાગ્યા થી સાંજના ૯ વાગ્યા સુધી શનિવારે સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી) પર સંપર્ક કરી શકો છો અથવા પર Ipsosને GPPatientSurvey@ipsos.com. પર ઈમેઈલ કરી શકો છો.

કૃપા કરીને તમારો ઍક્સેસ કોડ પ્રદાન કરવા માટે તૈયાર રહો, જે તમે પત્રની મધ્યમાં શોધી શકો છો.

**સર્વેમાં ભાગ લેવા માટે તમે લોકોનો સંપર્ક કેવી રીતે કરો છો? શું સર્વે માન્ય છે?**

તમને NHS England વતી Ipsos દ્વારા GP Patient Survey માં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવશે. આ એક સ્વૈચ્છિક સર્વે છે અને શરૂઆતનું આમંત્રણ પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. તમે ઓનલાઇન, કાગળ પર અથવા અમારી ટેલિફોન હેલ્પલાઇન પર કોલ કરીને સર્વેમાં ભાગ લઈ શકો છો.

તમે સર્વેમાં ભાગ લેવા માટે તમને આમંત્રિત કરતા અથવા યાદ કરાવતા ટેક્સ્ટ સંદેશા પણ પ્રાપ્ત કરી શકો છો. દરેક ટેક્સ્ટ મેસેજમાં ક્યાં તો ઓનલાઇન સર્વેની અનન્ય લિંક (તમારા ઍક્સેસ કોડ દાખલ કર્યા વિના તમને ઓનલાઇન ભાગ લેવાની મંજૂરી આપે છે) અથવા ઇ-લેટર કે જે કેવી રીતે ભાગ લેવો તેની માહિતી પૂરી પાડે છે.

તમને સર્વેમાં તમારું નામ, સરનામું અથવા બેંક વિગતો જેવી કોઈ ઓળખી શકાય તેવી માહિતી પ્રદાન કરવા માટે કહેવામાં આવશે નહીં. કોઈ પણ વ્યક્તિ તમને આ સર્વેમાં

સહભાગી થવા માટે ઘરે કે ટેલિફોન પર તમારો સંપર્ક કરશે નહીં. કોઈ પણ સમયે Ipsos અથવા અન્ય સંશોધન કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતા અન્ય સર્વેક્ષણોની શ્રેણી હશે, જેમાંથી કેટલાક આ સર્વેમાં સમાવિષ્ટ પ્રશ્નો જેવા જ પ્રશ્નો પૂછી શકે છે. જો કોઈ એવું કહે કે તેઓ તમને ફોન કરે છે અથવા તમને મળી રહ્યા છે અને ખાસ કરીને તમને 'GP પેશન્ટ સર્વે'માં ભાગ લેવા માટે કહી રહ્યા છે, તો અમે ભારપૂર્વક ભલામણ કરીએ છીએ કે તમે તેમની સાથે વાત ન કરો અથવા તેમને તમારા ઘરમાં જવા દો, અને તમે પોલીસનો સંપર્ક કરો.

જો તમને સર્વે વિશે વધુ કોઈ પ્રશ્નો હોય, તો Ipsos પાસે ફ્રીફોન સર્વે હેલ્પલાઇન છે. કૃપા કરીને 0800 819 9140 (સોમવારથી શુક્રવાર સવારે 8 થી રાત્રે 9 સુધી; શનિવારે સવારે 10 થી સાંજના 5 સુધી) પર કોલ કરો.

**મને NHS એપ તરફથી સૂચના શા માટે મળી છે?**

તમને સર્વેમાં ભાગ લેવા માટે આમંત્રણ આપતી અથવા યાદ અપાવતી NHS એપ સૂચનાઓ પણ પ્રાપ્ત થઈ શકે છે. દરેક એપ સૂચનામાં ઓનલાઇન સર્વેની અનન્ય લિંક (જે તમને તમારા એક્સેસ કોડ દાખલ કર્યા વિના ઓનલાઇન ભાગ લેવાની મંજૂરી આપે છે) અથવા ઇ-લેટરની અનન્ય લિંક ધરાવે છે જે કેવી રીતે ભાગ લેવો તે અંગેની માહિતી પ્રદાન કરે છે.

# સામાન્ય

**0800 વાળા નંબર પર ફોન કરવાનો કેટલો ખર્ચ આવે છે?**

યૂકેના સામાન્ય લેન્ડલાઇન ફોન પરથી 0800 વાળા ટેલિફોન નંબર પર ફોન કરવાનો કોઇ ખર્ચ લાગતો નથી.

**Ipsos શું છે?**

**Ipsos** એક નોંધાયેલી અને સ્વતંત્ર સર્વે કરનારી સંસ્થા છે અને તે માર્કેટ રિસર્ચ સોસાયટીની નૈતિક આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન કરે છે. **Ipsos** યૂકે અને મોરી, જેમના વિશે તમે અલગ અલગ સાંભળ્યું હશે, ઓક્ટોબર 2005માં એકત્ર થયા અને તેમાંથી યૂકેની બીજી સૌથી મોટી સંશોધન એજન્સીનું નિર્માણ થયું. **Ipsos** ને માન્યતાપ્રાપ્ત મૂલ્યાંકન કરનાર સંસ્થા માર્કેટિંગ ક્વોલિટિ એશ્યોરન્સ (એમક્યુએ) તરફથી નવું આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા ધોરણ ISO 20252 તેમ જ માહિતીની સુરક્ષા માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ ISO 27001 આપવામાં આવ્યું હતું, જે આ બંને ધોરણો મેળવનાર દુનિયાની પ્રથમ એજન્સી છે. **Ipsos** વિશે વધુ માહિતી મેળવવા માટે કૃપા કરીને www.ipsos.com/en-uk પર જાવ.

# ગોપનીયતા અને ડેટા સંરક્ષણ:

આ વિભાગની માહિતી સમજાવે છે કે આ GP Patient Survey માટે અમે તમારા વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કેવી રીતે અને શા માટે કરી રહ્યા છીએ, તમારા અધિકારો અને જો તમને તમારા ડેટાના ઉપયોગ વિશે કોઈ પ્રશ્નો અથવા ચિંતા હોય તો અમારો સંપર્ક કેવી રીતે કરવો.

## તમને મારી સંપર્ક માહિતી કેવી રીતે મળી?

Ipsos તમને આ પ્રશ્નાવલિ NHS England વતી મોકલી રહ્યું છે. GP સાથે નોંધાયેલા દર્દીઓની NHS સૂચિમાંથી નામો યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. NHS England એ તમારા વ્યક્તિગત ડેટાની મર્યાદિત પ્રમાણમાં આપ-લે કરી છે જેથી કરીને Ipsos તમને આ સંશોધનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરી શકે. આ ડેટામાં શામેલ છે:

- તમારું નામ અને સરનામું
- GP પ્રેક્ટિસ કોડ અને NHS નંબર
- લિંગ અને જન્મનો મહિનો/વર્ષ
- મોબાઇલ ટેલિફોન નંબર (જો ઉપલબ્ધ હોય તો)

Ipsos તમારી સંપર્ક વિગતો ગુપ્ત રાખશે અને ફક્ત તમને સર્વેમાં ભાગ લેવા તમને આમંત્રણ આપવા માટે જ તેનો ઉપયોગ કરશે. એકવાર સર્વે પૂરો થઈ જાય પછી, Ipsos તમારી સંપર્ક વિગતોને સુરક્ષિત રીતે નાશ કરશે, સિવાય કે તમે ભવિષ્યના સંશોધન વિશે ફરીથી સંપર્ક કરવા માટે સંમત થાઓ, આ કિસ્સામાં Ipsos તમારી સંપર્ક વિગતોને 24 મહિના સુધી સુરક્ષિત રીતે રાખશે. Ipsos પાસે તમારાના સ્વાસ્થ્ય વિશેની કોઈ પણ માહિતી નથી.

## તમારા વ્યક્તિગત ડેટા પર પ્રક્રિયા કરવા માટેનો અમારો કાનુની આધાર શું છે?

NHS ને GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓ સુધારવા માટે મદદ કરવા માટે NHS England આ સંશોધન કરી રહ્યું છે જેથી દર્દીના પ્રતિસાદના જવાબમાં તેઓ સ્થાનિક જરૂરિયાતોને વધુ સારી રીતે પૂર્ણ કરી શકે. NHS દર્દીઓ માટેની સેવાઓ ચાલુ કરવા માટે લોકોને શામેલ કરવા તેમની કાનૂની ફરજ છે (NHS Act 2006ની કલમ13Q  હેઠળ).

NHS England, GP Patient Survey માટેના વ્યક્તિગત ડેટાની પ્રક્રિયા કરવા માટેના ડેટા નિયંત્રક છે, જેનો અર્થ એ છે કે તેઓ પ્રક્રિયા સામાન્ય માહિતી સુરક્ષા નિયમન (UK GDPR) નું પાલન કરે છે તેની ખાતરી કરવા માટે જવાબદાર છે.

GP Patient Survey માટે કાયદેસર પ્રક્રિયા માટે NHS England નો આધાર કલમ 6(1) (e) છે - "જાહેરહિતમાં અથવા નિયંત્રણકર્તાને સોંપાયેલ સત્તાવાર અધિકારના ઉપયોગમાં કરવામાં આવેલ કાર્યની કામગીરી માટે પ્રક્રિયા કરવી જરૂરી છે". વિશેષ કેટેગરીના વ્યક્તિગત ડેટા (જેમ કે આરોગ્ય, વંશીય અથવા વંશીય મૂળ અથવા જાતીય અભિગમ વિશેના ડેટા) પર પ્રક્રિયા કરવા માટે વધારાની શરત પૂરી કરવી જરૂરી છે, આર્ટિકલ 9(2)(h) "નિવારક અથવા વ્યવસાયિક દવાના હેતુ માટે પ્રકીયા, કર્મચારીની કાર્યની ક્ષમતાના મૂલ્યાંકન, તબીબી નિદાન, આરોગ્ય અથવા સામાજિક સંભાળ અથવા સારવારની જોગવાઈ" અથવા આરોગ્ય અથવા સામાજિક સંભાળ પ્રણાલીઓ અને સેવાઓના સંચાલન માટે જરૂરી છે.

આનો અર્થ એ થયો કે NHS England, યોગ્ય સલામતી ઉદ્ભવમાં હોય તો સંશોધન માટે તમારા વિશેના વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરી શકે છે. Ipsos એ ડેટા પ્રોસેસર છે કે જે સર્વે પહોંચાડવા માટે NHS England ની સૂચનાઓ પર કાર્ય કરે છે.

તમે NHS England ની ગોપનીયતા સૂચના https://www.england.nhs.uk/contact-us/privacy/privacy-notice/પર જોઈ શકો છો.

સર્વેમાં ભાગ લેવો એ સ્વૈચ્છિક છે. જો કે, જો તમે ભાગ લેવા માંગતા ન હો, તો કૃપા કરીને GPPatientSurvey@ipsos.com ઇમેઇલ કરો. ઇમેઇલમાં, કૃપા કરીને તમારો ઍક્સેસ કોડ (પત્રની મધ્યમાં અથવા પ્રશ્નાવલિની સામે સ્થિત છે) શામેલ કરો અને સૂચવો કે તમે બહાર નીકળવા માંગો છો.

## શું આ સર્વેમાંરાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ લાગુ કરવામાં આવ્યું છે?

ના. Department of Health and Social Care પુષ્ટિ કરી છે કે રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ ત્યારે જ લાગુ પડે છે જ્યારે દર્દીની ગુપ્ત માહિતીનો ઉપયોગ વ્યક્તિની સંભાળ સિવાયના અન્ય હેતુઓ માટે કરવામાં આવે છે. દર્દીની ગોપનીય માહિતીમાં, વ્યક્તિ વિશે ક્લિનિકલ ડેટા (જેમકે કોઈ પણ પ્રાપ્ત થયેલ તબીબી સ્થિતિ, પ્રિસ્ક્રિપ્શનો અથવા સંભાળ), અને વ્યક્તિગત વિશેની કોઈપણ માહિતી કે જે વ્યક્તિના તબીબી રેકોર્ડ દ્વારા ઍક્સેસ કરવામાં આવી હોય, તે શામેલ છે. GP Patient Survey માં વસ્તી વિષયક ડેટા અને સંપર્કની વિગતોનો ઉપયોગ કરવામાં આવે છે જે GP પ્રેક્ટિસના દર્દીની નોંધણીના રેકોર્ડમાંથી લેવામાં આવે છે અને સર્વે કરાયેલ વ્યક્તિઓને પસંદ કરવા અને સંપર્ક કરવા માટે સંપર્ક કરી શકે છે. આ વ્યક્તિગત ડેટાને ગોપનીય દર્દીની માહિતી તરીકે વર્ગીકૃત કરવામાં આવી નથી કારણ કે કોઈ ક્લિનિકલ માહિતીનો ઉપયોગ અથવા ઍક્સેસ કરવામાં આવ્યું નથી. જેમકે, GP Patient Survey માં રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ લાગુ પડતું નથી.

### શું તમને મારા આરોગ્ય ડેટા સુધી પહોચ મળી છે?

ના, બિલકુલ નહીં. Ipsos ને ફક્ત તમારા GP પ્રેક્ટિસ કોડ અને NHS નંબર, નામ, સંપર્ક વિગતો, મહિનો અને જન્મ વર્ષ અને લિંગ આપવામાં આવ્યું છે. NHS England એ Ipsos ને તમારા સ્વાસ્થ્ય વિશે કોઈ માહિતી આપી નથી – આ તમારા અને તમારા GP વચ્ચે ગુપ્ત રહે છે.

Ipsos ને તમારો NHS નંબર આપવામાં આવે છે જેથી જો તમે અગાઉ સર્વેમાંથી ઑપ્ટ-આઉટ કર્યો હોય તો તેઓ ફરીથી તમારો સંપર્ક કરશે નહીં તેની ખાતરી કરવા માટે તેઓ તમને ઓળખી શકે તમારી સંપર્ક વિગતોનો ઉપયોગ સર્વે સંબંધિત તમારો સંપર્ક કરવા માટે કરવામાં આવે છે, અને GP કોડનો ઉપયોગ ફક્ત GP પ્રેક્ટિસના જવાબોને લિંક કરવા માટે કરવામાં આવશે.

જન્મનો મહિનો અને વર્ષ અને જાતિના વિશેની માહિતીનો ઉપયોગ ફક્ત તે ખાતરીકરવા માટે કરવામાં આવશે કે અનામિક સર્વે ડેટા  શક્ય તેટલી નજીકથી પ્રેક્ટિસની વસ્તી પ્રોફાઇલ સાથે મેળ ખાય છે.

## તમારી સંપર્ક માહિતી કોની સાથે શેર થયેલ છે

Ipsos સર્વે ચલાવવા માટે અમુક સપ્લાયર સંસ્થાઓ સાથે કામ કરી રહી છે, અને તમને ભાગ લેવા આમંત્રણ આપવા માટે આ સપ્લાયર સંસ્થાઓ સાથે તમારી સંપર્કની-વિગતો શેર કરવાની જરૂર રહેશે. આ સપ્લાયર સંસ્થાઓમાં શામેલ છે:

- Adare SEC; પત્રો અને પ્રશ્નાવલિ છાપવા
- Cisco; ટેક્સ્ટ સંદેશ રીમાઇન્ડરનું વિતરણ
- The Delivery Group and Royal Mail; વિતરણ અને પોસ્ટેજ

Google Cloud Platform (GCP)  Ipsos ને તમામ એપ અને ડેટા માટે હોસ્ટિંગ સેવાઓ પૂરી પાડે છે, જેનો ઉપયોગ સર્વે પ્રતિભાવો એકત્ર કરવા માટે થાય છેઃ (આ તમામનું સંચાલન Ipsos દ્વારા કરવામાં આવે છે).

આ તમામ સપ્લાયર સામાન્ય ડેટા સંરક્ષણ નિયમનને માન્ય અને સુસંગત છે.

## કૂકીઝ

કેટલાક ઓનલાઇન સર્વે 'કૂકીઝ' ના ઉપયોગ દ્વારા માહિતી એકત્રિત કરે છે. તમારા કોમ્પ્યુટર પર સંગ્રહિત ત્યાં નાની ફાઈલ છે. આ ફાઇલોનો ઉપયોગ શક્ય તેટલા ઓછા પ્રમાણમાં અને માત્ર ગુણવત્તા નિયંત્રણ, માન્યતા અને વધુ મહત્ત્વનું, તમે પહેલાથી જ પૂર્ણ કરેલ ઓનલાઈન સર્વે માટે તમને રિમાઇન્ડર્સ મોકલતા અટકાવવા માટે ઉપયોગમાં લેવાય છે. તમારા કમ્પ્યુટર પર બ્રાઉઝર સેટિંગ્સને સમાયોજિત કરીને તમારા માટે 'કૂકીઝ' દૂર કરવું અથવા તેનો ઉપયોગ રોકવો શક્ય છે.

Ipsos પણ તમારા કમ્પ્યુટરનો ઉપયોગ કરી રહેલા સોફ્ટવેરને અનુરૂપ ફોર્મમાં સર્વેની પ્રશ્નાવલિ વિતરિત કરવામાં આવી છે તેની ખાતરી કરવા માટે આપમેળે તમારી ઓપરેટિંગ સિસ્ટમ વિશે માહિતી મેળવશે, સેટિંગ્સ અને બ્રાઉઝરના પ્રકાર બતાવશે. Ipsos તમારા કમ્પ્યુટરથી કોઈપણ અન્ય માહિતી મેળવતા નથી.

## તમારા જવાબોનું શું થાય છે?/ શું તમારા ડૉક્ટર આ સર્વેના મારા જવાબો જોશે?

એક વખત તમે સર્વે ભરી લો, પછી Ipsos તમારા જવાબોને અન્ય લોકોના જવાબો સાથે જોડીને પરિણામો પ્રકાશિત કરશે. તમારા વ્યક્તિગત જવાબોને ગોપનીય રાખવામાં આવશે. Ipsos સર્વેમાંથી મેળવેલા તમારા જવાબો માન્ય સંશોધકો સાથે વહેંચી શકે છે, પરંતુ માત્ર તે જ રીતે કે જે તમને ઓળખી ન શકે અને ડેટા પ્રોસેસિંગ અંગેના કડક નિયમોનું પાલન કરે. પ્રકાશિત થયેલાં કોઈ પણ પરિણામોમાં કોઈ તમને ઓળખી શકશે નહીં.

તમારા જવાબો તમારા ડૉક્ટર અથવા GP પ્રેક્ટિસને પાછા મોકલવામાં આવતા નથી. NHS England વતી Ipsos આ વેબસાઇટ પર તમારી પ્રેક્ટિસના અન્ય પ્રતિસાદ સાથે તેમને અજ્ઞાત રૂપે પ્રકાશિત કરશે: [https://gp-patient.co.uk/](https://gp-patient.co.uk/)

## NHS England ના માન્ય સ્ટાફ અને સંશોધનકારો કોણ છે અને તેઓ તારણોનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે?

વ્યક્તિગત દર્દી સ્તરે સર્વે ડેટાનો ઉપયોગ કરવા માટે સક્ષમ થવા માટે, NHS England અને અન્ય સંસ્થાઓ દ્વારા કાર્યરત તમામ સ્રોત સંશોધનકારો એ પરવાનગી માટે અરજી કરવી આવશ્યક છે. દરેક એપ્લિકેશનને સખત મંજૂરી પ્રક્રિયામાંથી પસાર થવું આવશ્યક છે, જે કાર્ય કરવામાં આવશે તેનો ઉલ્લેખ કરશે, એક કરાર સાથે કે કોઈ પણ પ્રકાશન ફક્ત સંપૂર્ણ અનામી ડેટાનો સંદર્ભ લેશે. અન્ય બધા વપરાશકર્તાઓ ફક્ત રાષ્ટ્રીય, ICS, PCN અથવા પ્રેક્ટિસ સ્તર પર અનામી ડેટાને ઍક્સેસ કરી શકે છે.

## મારો વ્યક્તિગત ડેટા ક્યાં રાખવામાં આવશે અને તેની પ્રક્રિયા કરવામાં આવશે?

સર્વેના જવાબો એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતી એપનું સંચાલન જર્મનીના ફ્રેન્કફર્ટમાં Google Cloud Platform (GCP) દ્વારા કરવામાં આવે છે અને તેનું સંચાલન Ipsos દ્વારા કરવામાં આવે છે.

એક વાર તમે ભાગ લો, આ સર્વે માટે વપરાયેલ અને એકત્રિત કરેલા તમારા તમામ વ્યક્તિગત ડેટા Ipsos દ્વારા યુનાઇટેડ કિંગડમના RackSpace UK દ્વારા હોસ્ટ કરાયેલા ડેટા સેન્ટર અને સર્વરોમાં સંગ્રહિત કરવામાં આવશે. RackSpace UK Ipsos ગ્રૂપને સંચાલિત હોસ્ટેડ સેવાઓ પૂરી પાડે છે, આ ફક્ત Ipsos માટે જ સમર્પિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે. RackSpace ઓપરેટિંગ સિસ્ટમ સ્તર સુધીનો સહયોગ પૂરો પાડે છે અને Ipsos તેમની ઇન્સ્ટોલ કરેલ એપ્લિકેશન અને ડેટા સંચાલિત કરે છે.

## તમે તમારી વ્યક્તિગત માહિતી સલામત છે તેની ખાતરી કેવી રીતે કરશો?

Ipsos તેની માહિતી સુરક્ષા જવાબદારીઓને ગંભીરતાથી લે છે અને તમારી માહિતી ખોટ, ચોરી અથવા દુરૂપયોગથી સુરક્ષિત છે તેની ખાતરી કરવા માટે વિવિધ સાવચેતીઓને લાગુ કરે છે. સુરક્ષા સાવચેતીઓમાં કાર્યાલયોની યોગ્ય ભૌતિક સુરક્ષા અને કમ્પ્યુટર સિસ્ટમોની નિયંત્રિત અને મર્યાદિત ઍક્સેસનો સમાવેશ થાય છે. વ્યક્તિગત માહિતી સુરક્ષિતરૂપે સંગ્રહિત થાય છે અને પ્રોજેક્ટમાં સીધા સંકળાયેલા કર્મચારીઓ દ્વારા જ જોઇ શકાય તે માટે કડક પગલાં લેવામાં આવ્યા છે.

Ipsos તેની માહિતી સુરક્ષા નિયંત્રણ અને કાર્યકારી પદ્ધતિઓનું નિયમિત આંતરિક અને બાહ્ય ઓડિટ કરાવે છે, અને માહિતી સુરક્ષા માટેના આંતરરાષ્ટ્રીય ધોરણ, ISO 27001 માં માન્યતા પ્રાપ્ત છે.

પ્રશ્નોના તમારા વ્યક્તિગત જવાબો તમારા નામ, સંપર્ક વિગતો અથવા NHS નંબર સાથે જોડાયેલા નથી. Ipsos અને NHS England ના માન્ય સ્ટાફ અને સંશોધનકારો, વ્યક્તિગત જવાબોને ગોપનીય માને છે અને સામાન્ય ડેટા સંરક્ષણ નિયમનના તમામ પાસાઓ અને જોગવાઈઓ અને સુરક્ષિત સંગ્રહ માટેની આવશ્યકતાઓ સહિતના તમામ અન્ય સંબંધિત કાયદાઓનું પાલન કરે છે.

જો તમે ફોલો-અપ સર્વે અથવા સંશોધન વિશે તમારો સંપર્ક કરવાની પરવાનગી આપી હોય, તો તમારા જવાબો તમારા નામ અને સંપર્ક વિગતો સાથે જોડાયેલા હોઈ શકે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને જુઓ 'જો હું વધુ સંશોધન માટે ફરીથી સંપર્ક કરવા સંમત થાઉં તો શું થાય?' 'ઓનલાઈન સર્વે' હેઠળ FAQ.

## Ipsos કેટલો સમય મારો અંગત ડેટા અને ઓળખી શકાય તેવા જવાબો જાળવી રાખશે?

Ipsos ફક્ત તમારા ડેટાને એવી રીતે જાળવી રાખશે કે જે તમને સંશોધન પ્રોજેક્ટ અને તારણોને ટેકો આપવા માટે જરૂરી હોય ત્યાં સુધી ઓળખી શકે. પ્રેક્ટિસમાં, આનો અર્થ એ છે કે એકવાર જ્યારે અમે અનામી સંશોધન તારણોને સંતોષકારક રીતે જાણ કરીશું, ત્યારે તમારા વ્યક્તિગત, ઓળખાણ આપતા ડેટા અને અમારા સપ્લાયર્સના ડેટાને અમારી સિસ્ટમમાંથી અમે સુરક્ષિત રીતે દૂર કરીશું

આ અભ્યાસ માટે, અમે સપ્ટેમ્બર 2025 સુધીમાં અમારા સિસ્ટમ્સમાંથી તમારા વ્યક્તિગત ડેટાને સુરક્ષિત રૂપે દૂર કરીશું.

જો તમે સર્વેના અંતે ફોલો-અપ સર્વેક્ષણો અથવા સંશોધન વિશે અમારો સંપર્ક કરવાની મંજૂરી આપી હોય, તો એપ્રિલ 2027 સુધીમાં તમારી સંપર્ક વિગતો અમારી સિસ્ટમમાંથી કાઢી નાખવામાં આવશે.

## મારા GP આ સર્વેમાં કેવી રીતે શામેલ છે?

ઇંગ્લેન્ડમાં GP સાથે નોંધાયેલા લોકોની યાર્દચ્છિક પસંદગી મારફત પ્રશ્નાવલિ મોકલવામાં આવી રહી છે, અને તમારું નામ NHS England દ્વારા લેવામાં આવેલા GP સાથે નોંધાયેલ દર્દીઓની સૂચિમાંથી યાર્દચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યું હતું.

GP પ્રેક્ટિસને જાણ હોવી જોઈએ કે સર્વે થઈ રહ્યું છે. સર્વે પૂર્ણ થયા પછી, તેમની પાસે આ વેબસાઇટ gp-patient.co.uk દ્વારા ઉપલબ્ધ તેમની પ્રેક્ટિસ માટે અનામિક, આંકડાકીય પરિણામો સુધીની પહોંચહશે, પરંતુ વ્યક્તિગત જવાબો સુધી પહોંચ નહીં હોય.

## શું સર્વેને નૈતિક મંજૂરી મળી છે?

2007 માં પહેલું સર્વે શરૂ કરતા પહેલા, Ipsos એ Central Office for Research Ethics Committee (COREC) ની સલાહ લીધી હતી. Ipsosને સલાહ આપવામાં આવી હતી કે આ સર્વે 'શુદ્ધ સંશોધન' કરતાં 'સેવા મૂલ્યાંકન' છે – તેમના દર્દીઓ માટે GP દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાનું મૂલ્યાંકન કરવા માટે. પરિણામે, આ સર્વેમાં ઔપચારિક તબીબી સંશોધન માટે નૈતિક મંજૂરીની જરૂર હોતી નથી. જોકે, Ipsos Market Research Societyના સંશોધન નીતિશાસ્ત્રના કોડનું સખત પાલન કરે છે, અને પૂરી પાડવામાં આવેલ દર્દીની વિગતો આ સર્વેના હેતુ સિવાય અન્ય કંઈપણ માટે ઉપયોગમાં લેવામાં આવતી નથી.

## UK સામાન્ય ડેટા સંરક્ષણ નિયમન (UK GDPR)

UK GDPR માં ઘણા બધા અધિકારો શામેલ છે, તેમ છતાં, હટાવવા અને ડેટા પોર્ટેબીલીટીના અધિકાર સહીત, આ બધા લાગુ પડતા નથી જ્યાં પ્રક્રિયા માટેનો કાનૂની આધાર એ જાહેર કાર્ય છે.

સપ્ટેમ્બર 2024 સુધીમાં, તે કાઢી  નાખવામાં આવશે,  Ipsos દ્વારા ધારણ કરેલા કોઈપણ વ્યક્તિગત ડેટાને એક્સેસ કરવાની વિનંતી કરવાનો તમને અધિકાર છે. રિપોર્ટિંગ (25 માર્ચ 2024) માટે ડેટાની પ્રક્રિયા કરવામાં આવે તે પહેલાં તમે કોઈપણ સમયે, તમારા વ્યક્તિગત ડેટા અથવા સર્વેના જવાબોની પ્રક્રિયા પર તમારી સંમતિ અને વાંધો ઉઠાવી શકો છો.

NHS England સામાન્ય રીતે એક મહિનાની અંદર તમારા અધિકારોના સંબંધમાં જવાબ આપવો જોઈએ, જો કે તેમાં કેટલાક અપવાદો છે. NHS Englandની ગોપનીયતા સૂચના તમારા અધિકારો અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવે છે.
https://www.england.nhs.uk/contact-us/privacy-notice/.

જો તમને તમારા વ્યક્તિગત ડેટા પર અમે જે રીતે પ્રક્રિયા કરીએ છીએ તેના વિશે કોઈ ચિંતા હોય, તો તમને Information Commissioner's Office (ICO) માં ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. તમે માહિતી કમિશનરની ઑફિસનો સંપર્ક કેવી રીતે કરવો તે બાબતે https://ico.org.uk/global/contact-us/ પર અથવા ઇમેઇલ મોકલીને: casework@ico.org.uk વિગતો મેળવી શકો છો.

## આ સર્વે અને/અથવા મારા વ્યક્તિગત ડેટા વિશે હું Ipsos અને NHS England નો સંપર્ક કેવી રીતે કરી શકું?

### Ipsos નો સંપર્ક કરો:

જો તમને આ સંશોધન વિશે કોઈ પ્રશ્નો હોય, અમારી ગોપનીયતા સૂચના, ડેટા સંરક્ષણ કાયદાઓ સાથેના અમારા પાલન અથવા તમારા વિશે અમે જે માહિતી ધરાવીએ છીએ તેના વિશે વધુ માહિતીની જરૂર છે તો કૃપા કરીને સંશોધન ટીમનો સંપર્ક કરો. તેમનો સંપર્ક આ દ્વારા કરી શકાય છે:

ઇમેઇલ: GPPatientSurvey@ipsos.com

પોસ્ટ:

The GPPS Team - Ipsos
3 Thomas More Square
London E1W 1YW

NHS England **નો સંપર્ક કરો**:

ઇમેઇલ: england.contactus@nhs.net

ટેલિફોન: 0300 311 22 33

પોસ્ટ:

NHS England
PO Box 16738
Redditch
B97 9PT